

July 2023 | Issue No. 44 | A monthly newsletter

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT EDUCATION FOUNDATION

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે. સંસ્થા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો અને પુખ્તવયના લોકોના માનસિક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે. - પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ

પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પાડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.



લક્ષ્ય સુધી પહોચવા માટેની સમાન 'નજર'

# મોટા બદલાવ નાના પગલાથી શરૂ થાય છે !

## આરવના દાદીએ સાબિત કરી બતાવ્યું કે, પ્રયાસો અને હકારાત્મકતા પરિણામ સુધી પહોચવાની ચાવી છે.

અહી વાત છે, આરવના દાદી કમળાબેનની. જેમણે નિશ્ચય કર્યો,પ્રયાસો કર્યા અને હકારાત્મક પરિણામ પણ મેળવ્યું.તેમને સેન્ટર પર આરવના દાદી તરીકે જ બધા ઓળખે. જયારે પણ સેન્ટરની મુલાકાત લો,પોતાના પૌત્ર સાથે દાદી જોવા મળે. છેલ્લાએક વર્ષથી તેમની નિયમિત હાજરી આપણે જોઈ શકીએ.

આરવનું જયારે પ્રભાતમાં એડમીશન થયું, ત્યારે તે બે વર્ષનો હતો. તે સેરેબલ પાલ્સી બાળક છે. તેને પોતાની ગરદનને સ્થિર રાખવામાં મુશ્કેલી પડતી હતી, બેસવા માટે પણ સપોર્ટની જરૂર પડતી હતી વળી તે કોઈ પણ વાતનો રિસ્પોન્સ આપી શકતો ન હતો.પરંતુ એક જ વર્ષમાં આરવ બેસતો થઇ ગયો, ચાલતો થઇ ગયો અને તેને કહેલી દરેક સુચનાનો તે રિસ્પોન્સ આપતો પણ થઇ ગયો.પણ એવું તે શું બન્યું કે જેથી આ બધું મુશ્કેલ લાગતું શક્ય બન્યું ? તે સફરને અહી જોવી છે,કારણ કે, તેનાથી અનેક વાલીઓને પ્રેરણા મળશે.

દાદી કહે છે કે, જન્મતાની સાથે એક કલાકમાં જ આરવને પગે તકલીફ છે એવું નિદાન થઇ ગયું હતું. અને તેથી જ તેના પગે પાટા બંધાવાનું સૂચન ડોકટરે કહ્યું હતું. નાના બાળકને શરૂઆતથી જ પગે પાટા બાંધવાનું આવતા જોઇને ચોક્કસ પરિવારને મુશ્કેલી થતી પરંતુ બાળક માટે આ જ યોગ્ય છે તેથી તેમણે કર્યું. શરૂઆતમાં આરવનને ગમતું નહિ, તે રડતો પણ ધીરે ધીરે તે પણ એનાથી ટેવાઈ ગયો. પાટા બાદ ડોકટરે તેને બુટ આપ્યા જે તેને પહેરવા પડતા હતા).મહિનાઓ સુધી પગે તેના બુટ બંધાઈ રહ્યા હતા. પણ પરિણામ મળશે તે વિચારીને પરિવારે તે બધું કર્યું.આ સાથે તે કોઈ રિસ્પોન્સ  આપી શકતો નહોતો..દાદી કહે છે, તે હસે નહિ, આપણી વાત સમજે નહિ આ બધું જોતા દુ:ખ પણ થતું. પરંતુ બાળક ને તેમણે દિલ થી સ્વીકાર્યું.

આવી સ્થિતિમાં કોઈ પરિચિત વ્યક્તિથી પ્રભાત સંસ્થાની માહિતી મળી. તેની મુલાકાત લીધી અને તેમને આરવ માટે આ બેસ્ટ લાગ્યું. ડોકટરે કહ્યું હતું જ કે, તેને નિયમિત ફીઝીયોથેરાપીસ્ટ પાસે લઇ જઈને કસરત થશે તો પરિણામ મળવાની શક્યતા વધી જશે.

સેન્ટર પર ફીઝીયોથેરાપીસ્ટ હોવાની સાથે અન્ય બધી થેરાપી પણ હોવાથી પરિવારે આરવને ત્યાં દરરોજ લઇ જવાનું નક્કી કર્યું. આ દરેક પ્રક્રિયામાં સક્રિય હોય તો તે આરવના દાદી હતા. તે કહે છે કે, પૌત્રને આવી સ્થિતિમાં જોતા તેમણે નક્કી કરી નાખ્યું હતુંકે,તેઓ પોતાની બધી જ મહેનત કરશે અને દરેક કામ પહેલા આરવ જ તેમની પ્રાથમિકતામાં રહેતો. તે કહે છે, ‘’જ્યાં જાઉં ત્યાં લઇ જાઉં. કામ થવું હોય તો થાય નહિતર કઈ નહિ. પણ મારો છોકરાનો છોકરો છે તેને બરાબર કરવો છે એ મેં મનોમન નક્કી કરી નાખ્યું હતું. સેન્ટર પર નિયમિતતાની સાથે આરવ માટે જે પણ કસરત ઘરે કરવાની હોય તેને પણ કરવામાં તેમણે કચાશ નથી રાખી. જેનું ચોક્કસ પરિણામ આરવમાં જોવા મળ્યું.

આરવને છેલ્લા એક વર્ષથી ફીઝીયોથેરાપી કરાવતા મનીષ ભાઈ કહે છે કે,શરૂઆતના ત્રણ મહિના અમે માત્ર ફીઝીયોથેરાપી પર જ કરી. તેમાં અમને ઝડપથી પરિણામ પણ મળ્યું. અને તેથી સાથે સ્પીચ થેરાપી પણ શરુ કરવામાં આવી. જેમાં તેને દરરોજ કરવામાં આવતી પ્રવૃતિઓને શીખવાડવાનું શરુ કર્યું. આમ, દરેક પાંસાથી આરવ સાથે પ્રક્રિયાઓ કરવામાં આવી. જેના પરિણામ સ્વરૂપ તે બેસતા શીખ્યો, ચાલતા શીખ્યો અને આપણી સૂચનાઓને જવાબ આપી તેને રિસ્પોન્સ કરતા પણ શીખ્યો. ચોક્કસ અમારું આ કામ છે પરંતુ જયારે બાળકમાં પરિણામ દેખાય છે અને તે જોતા પરિવારની જે ખુશી હોય છે તે જ અમને આગળ કામ કરવા માટે ઉર્જા આપે છે. અને આ પરિણામ કોઈ પણ એક વ્યક્તિથી નથી આવતું. તેમાં પૂરી ટીમનો ફાળો હોય છે.

આરવને ચાલતો કરવાની જે દાદીની ધૂન હતી તેમાં ફીઝીયોથેરાપીસ્ટ અને અન્ય ટીમની મહેનતે આરવના ભવિષ્યને આશા સાથે ભરી દીધું છે. બાળકનું વહેલું નિદાન અને તેના માટે યોગ્ય સમયથી સારવાર ચોક્કસ આપણને પરિણામ આપવા માટેના મુખ્ય પરિબળોમાંનાએક બની રહ્યા.જે બાળકને જોઇને દાદીનિરાશ થઇ ગયા હતા અને હવે આગળ શું ? તેવો પહાડ જેવો પ્રશ્ન તેની સામે હતો તેની સામે પ્રયાસો અને હકારાત્મકતાનો અભિગમ એએમને ‘જવાબ’ રૂપે મળ્યા છે. ચોક્કસઅભિગમ જ વાલી અને પ્રભાત બંને માટે મજબુત પરીબળ છે.







# મંથલી અપડેટ

**એડમીશન :** છેલ્લા કેટલાંક મહિનાઓથી કાંકરિયા શાળા નંબર – 8 માં જે પ્રવેશ માટેની પ્રક્રિયાઓ વિષે આપે રોશનીમાં અપડેટ લીધી હશે. અને આખરે પ્રયાસોનું પરિણામ મળ્યું અને 17 બાળકોને શાળામાં એડમીશન મળી ગયું છે. જે કહેતા ખુબ આનંદની લાગણી થાય છે. જયારે બહોળા વિઝનને તરફ આગળ વધતા વધતા આ પ્રકારના હકારાત્મક પરિણામ આવે છે ત્યારે નવી ઉર્જા સાથે એ સફરમાં ટીમ મજબુત થઈને ફરી કામે લાગી જાય છે. 14 એડમીશન માંથી 9 બાળકોનું Right to Education અન્વયે પ્રવેશ પ્રક્રિયા થઇ હતી. આ ઉપરાંત, બે બાળકોનું આંગણવાડી માં એડમીશન કરવામાં આવ્યું છે.

**પ્રભાતની 'અમુલ્ય મૂડી ' :** પ્રભાતને ચોક્કસ એ કહેતા હરખ અને ગર્વ એમ બંને લાગણીનો અહેસાસ થયો જયારે કોઇ વાલી પ્રભાતનો 'અવાજ' બને. પ્રભાતનું પ્રતિનિધિત્વ કરે. એવું જ કંઇક બન્યું. પ્રભાત સેન્ટર પર આવતા અક્ષયના મમ્મી પોતાના કામને લીધે બેંક ઓફ બરોડાની ઇસનપુરની બ્રાંચમાં ગયા ત્યારે તેમણે ,બેંકના અધિકારીને પ્રભાત વિષે વાત કરી. એમને હતું કે, પ્રભાતને કોઈ પણ રીતે ટેકો કરે. આ વિચાર આવતા તેમણે એમની સાથે સંવાદ કર્યું અને તે એટલું અસરકારક રહ્યું કે તેમણે આ સંસ્થા માટે 'કશુક' કરવું જોઈએ. અને તેમણે બેન્કના સ્થાપના દિવસ નિમિતે સેન્ટરને ભેંટ આપવાનું વિચાર્યું. પ્રભાતની ટીમ સાથે વાત કરી અને તેમની જરૂરિયાત શી છે તે પૂછ્યું. આમ, બી.ઓ.બી. ના સ્થાપના દિવસે તેઓ પ્રભાત સેન્ટર ની મુલાકાત લીધી અને ભેંટ આપી.આમ, પ્રભાત ; પોતાનું ' છે એવી લાગણી વાલી ને થાય અને તે પ્રભાત ના પ્રીતીનીધી તરીકે જયારે વાત કરે તો એ પ્રભાત ની ચોક્કસ અમુલ્ય 'મૂડી' સમાન છે.

**એસેસમેન્ટ :** સમયાંતરે પ્રભાતના બાળકોના વિવિધ એસેસમેન્ટ નિષ્ણાંત દ્વારા કરવામાં આવે છે. આ નિરંતર ચાલતી પ્રક્રિયા છે જેથી બાળકોના વિકાસ અને તેના આયોજન માટે ચોક્કસ દિશામાં આગળ વધી શકાય. આ મહીને ડો. કિલ્લોલ , ડો. માલવ દ્વારા વટવા સેન્ટર અને કાંકરિયા શાળા નંબર -8 ના 70બાળકોનું સાઈકોલોજીકલ એસેસમેન્ટ કરવામાં આવ્યું. તથા ડો. અંજલી બેન દ્વારા કાંકરિયા શાળા નંબર 8 – પ્રભાત રિસોર્સ સેન્ટર ના 18 બાળકોનું સ્પીચ એસેસમેન્ટ કરવામાં આવ્યું.

**આંગણવાડી કાર્યકરની તાલીમ :** મુખ્યધારાની શાળામાં સમાવેશી અભિગમથી ખરા અર્થમાં દરેક બાળક એક જગ્યાએ શિક્ષણ લઇ શકે તે માટે પ્રભાત આંગણવાડી અને શાળાની સાથે અસરકારક રીતે કાર્ય કરે છે. આ જ સંદર્ભે આંગણવાડી કાર્યકરનું પ્રશિક્ષણ પણ સમયાંતરે કરવામાં આવે છે. જેનો ઉદેશ્ય એ જ છે કે, વિશિષ્ટ જરૂરિયાત બાળકો પોતાની સ્થિતિને ધ્યાનમાં રાખીને શિક્ષણ મળે. આ મહિનામાં લાંભા વિસ્તારની 34 આંગણવાડી કાર્યકરો સાથે પ્રશિક્ષણ આપવામાં આવ્યું જેમાં તેમણે પ્રભાત દ્વારા બનાવવામાં આવેલ સરળ Teaching Learning Materiyal નો ઉપયોગ અને તેની અસરકારકતા વિષે સત્ર લેવામાં આવ્યા. જેમાં શેપ,કલર કોન્સેપ્ટ,સેન્સરી, લાઈટિંગ, ફ્રૂટ,ફળ,શાકભાજી), ગ્રીપ માટેની એક્ટીવિટી, નાના મોટા નો ખ્યાલ, સ્ક્રીબલિંગ, સ્પીચ એક્ટીવિટી, ડ્રોઈંગ વગેરે પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યું હતું.

**નેટવર્કિંગ :** પ્રભાત હમેશા સમાવેશી સમાજ નિર્માણ માટે વિવિધ શૈક્ષણિક અને અન્ય સંસ્થાનો, વ્યક્તિગત અને સરકાર સાથે જોડાણ કરતુ હોય છે. એવા જ સંકલન થી પ્રભાત તેના બાળકો સાથે "Happiness in Education" પ્રદર્શીનીમાં ભાગ લેવાનો અવસર મળ્યો હતો. જેન Ahmedabad Management Association, Miracles of Ideas, TIDE અને Bharat Youth Convention સંયુક્ત ઉપક્રમે આયોજિત હતું. અહી પ્રભાત દ્વારા પણ પ્રદર્શનમાં બાળકો દ્વારા બનાવેલ બનાવટોને મુકવામાં આવેલ હતું. અને તેને નિહાળવા પ્રભાત ના બાળકો પણ જોડાયા હતા.

**બડી ઈન્ટરેકશન :** ધ રિવરસાઇડ સ્કૂલ (અમદાવાદ) અને પ્રભાતની બડી ઇન્ટરેક્શન એ સૌથી અનોખી અને લાંબા સમયથી ચાલતી પહેલ છે. રિવરસાઇડ સ્કૂલના ધોરણ 6ના દરેક વિદ્યાર્થી પ્રભાતના એક બાળક સાથે 'બડી અપ' કરે છે અને તેમની સાથે પ્રવૃત્તિઓ કરે છે, દરેક બીજા પાસેથી શીખે છે. પહેલનો સાર એ છે કે યુવા પેઢીમાં કાયમી અસર પડે તે માટે કરુણા અને સહાનુભૂતિ કેળવવી. દર વર્ષે વિદ્યાર્થીઓ સંસ્થાની જરૂરિયાત અને મોટા સમાજની જરૂરિયાત મુજબ થીમ પસંદ કરવામાં આવે છે. આ વર્ષે બાળકોએ પ્રભાત સમુદાયમાં સંવેદના અને જાગૃતિ માટે કાર્યક્રમોનું આયોજન કરવાનું નક્કી કર્યું છે.

**વાલી મીટીંગ :** દર મહીને થતા વાલી સાથેના સંવાદમાં આ મહિનામાં ખાસ જે બાળકોના શાળામાં એડમીશન થયા છે તેમની સાથે મીટીંગ કરવામાં આવી હતી. જેમાં ખાસ કરીને હાલ થયેલા નવા ફેરફારમાં જે વિકલાંગ બાળકને માટે એફિડેવિટ શાળામાં સબમીટ કરાવવાનું હોય છે તેની માહિતી આપી અને તે અનિવાર્ય હોવાથી વાલી તેને ગંભીરતાથી લે તે માટે વાત કરવામાં આવી. જેમાં વાલીઓએ સહમતિ દર્શાવી.

**ઇન્ટર્નશીપ /વોલેયન્ટરીંગ :** National Institute of Design, Gandhinagar (NID) ના વિદ્યાર્થીઓ હમેશા પ્રભાતના કાર્યને વધારે સરળ કરવામાં પોતાનું જ્ઞાન અને કુશળતાનો ઉપયોગ કરે છે. તેમના દ્વારા બનાવવામાં આવેલ પ્રોડક્ટની પ્રક્રિયામાં ચોક્કસ તેઓ પણ શીખે છે અને પ્રભાતને પણ નવા વિચારો મળે છે. આ મહીને ત્રણ ગ્રુપ ઓટીઝમ, સેરેબ્રલ પાલ્સી અને મ્યુઝીક થેરાપી માટે તેમણે TLM બનાવવા માટે મુલાકાત કરી હતી. નજીકના સમયમાં ચોક્કસ તે સંબંધિત પ્રોડક્ટ આપણી સમક્ષ આવશે.

એક દિન પ્રભાત કે નામ : આપણે દરેકે અનુભવ્યું જ છે કે, દુખને વહેચાવાથી તે ઘટે અને સુખને વહેંચવાથી વધે છે. તેથી જ પ્રભાતમાં પોતાના ખાસ દિવસને બાળકો સાથે સમય પસાર કરવામાં માટે પ્રભાતના શુભેચ્છકો આવે છે. આ મહિને પ્રભાતના જ પરિવારના શ્રી યોગેશ ભાઈ નાણાવટી પોતાના પરિવારની સાથે પોતાના જન્મદિવસની ઉજવણી કરી હતી. પ્રભાત તેમને આવનાર વર્ષ માટે હૃદયપુર્વકની શુભેચ્છા પાઠવે છે.

**સહાયક સેવાઓ :** સિવિલ સર્ટિફિકેટ : 9 ફોર્મ ,રેલ્વે પાસ : ઓફલાઈન 6 અને ઓનલાઈન 6 ફોર્મ, સ્ટેટ ટ્રાન્સપોર્ટેશન પાસ : 8 ફોર્મ, પેન્શન યોજના : 8 ફોર્મ ,બેંક એકાઉન્ટ : 2 બાળકોના એકાઉન્ટ કરવામાં આવેલ છે.

# ફોટો ગેલરી

આંગણવાડી કાર્યકર તાલીમ



વાલી મીટીંગ





NID વિદ્યાર્થીઓ ની પ્રભાત મુલાકાત



એક દિન પ્રભાત કે નામ



બડી ઈન્ટરેક્શન



બેંક ઓફ બરોડા આધિકારીની પ્રભાતમાં મુલાકાત



એસેસમેન્ટ



Happiness Education પ્રદર્શની

**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION